| | |
|---|---|
| | **પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર.**<br>**શાહીબાગ ,અમદાવાદ**<br>**વિશેષ શાખા,ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.**<br>**Email:Spl1-ahd@gujarat.gov.in** |

## -: જાહેરનામું :-

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.**

**ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/મકાન ભાડુઆત/ ૭૧ /૨૦૨૬. તા. ૮ /૦૭/૨૦૨૬**

વંચાણે લીધા:- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૧/આરબી/૪૬૪૧/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬ તથા,

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૨/૭૧૨૦/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬ આધારે,

(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૩/૩૧૩૬/૨૦૨૬ તા.૦૫/૦૭/૨૦૨૬ આધારે,

(૪) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૪/આરબી/૩૮૦/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬ આધારે,

(૫) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૫/આરબી/૪૨૫૪/૨૦૨૬ તા.૦૪/૦૫/૨૦૨૬ આધારે,

(૬) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૬/આરબી/૨૯૨૩/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬ આધારે,

(૭) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૭/આર.બી./૪૪૪૦/૨૦૨૬ તા.૦૫/૦૭/૨૦૨૬ આધારે,

(૮) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૮ અમદાવાદ શહેર નાઓના પત્રક્માંક:જી/૭૨૫/ઝોન-૮/૪૬૧/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬ આધારે,

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ ગુનેગાર તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત રીતે આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતાઓ રહેલી છે.

આગામી દિવસોમાં પારસી નૂતન વર્ષ, સ્વાતંત્ર્ય દિન, ઈદે-મિલાદ, રક્ષાબંધન, જન્માષ્ટમી વિગેરે જેવા ધાર્મિક તેમજ રાષ્ટ્રિય તહેવારો આવનાર હોય, આવા તહેવારોના સમયગાળા દરમ્યાન આંતકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર, રાજય કે દેશમાંથી આવી કોઇના મકાન ભાડે રાખીને અમદાવાદમાં રહી સ્થાનિક જ્ગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાની શક્યતા નકારી શકાય નહી. અમદાવાદ શહેરમાં જાહેર સલામતી અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

આથી હું અનુપમસિંહ ગહલૌત પોલીસ કમિશનર અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨૧૦૮૦/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ /૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ મકાન/ ઔદ્યોગિક એકમો/ ઓફીસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન

માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે, મકાન/ઔદ્યોગિક-એકમો/ ઓફીસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને ભાડે આપી શકશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ નં | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયાં વિસ્તારમાં કેટલાં ચો.મી.બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યકિતનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું?. | જે વ્યકિતઓને ભાડે આપેલ છે.તેમના પાકા નામ,સરનામાં,ફોટા,પાસ પોર્ટ,ડ્રાઇવીંગ લાયસન્સ , પાનકાર્ડ ,પુરાવા રૂપે સાથે આપવા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ,સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ,પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા.૦૯/૦૭/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૬/૦૯/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનર રેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા-:

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનર રેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે .

-: જાહેર વિજ્ઞાપન-:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ.૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
સત્યમેવ જયતે
અમદાવાદ શહેર

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(3) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશનરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૩) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૪) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.